# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૪ તા. ૮-૬-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- તા. ૧૮,૧૯,૨૦ જૂન- ૨૦૧૫ દરમ્યાન 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૫' ની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના પત્રાંક પ્રાશિનિ/ચ-૧/પ્રવેશોત્સવ/૧૫/૧૬૩૩-૧૭૨૨ /તા.૧૮-૦૫-૧૫

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે,દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ''કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૫''ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.ચાલુ વર્ષે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ- ૧૫નું આયોજન તા. ૧૮,૧૯,૨૦ જૂન-૧૫ દરમ્યાન કરવામાં આવ્યું છે.

પ્રાથમિક શિક્ષણ મેળવવાપાત્ર તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય અને એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે શાળાઓમાં ૧૦૦% નામાંકન થાય, કન્યા કેળવણીનું ધ્યેય ૧૦૦% સિદ્ધ થાય, ધો. ૮ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા પહેલાં શાળા છોડી ગયેલા બાળકોનો પુનઃ પ્રવેશ થાય, ધો. ૮ ના તમામ બાળકોનો ધો. ૯ માં પ્રવેશ પામે તે માટે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ - ૨૦૧૫ નું આયોજન કરવા નીચે કેટલાક સૂચનો આપેલ છે તેનો અભ્યાસ કરી કાર્યક્રમનું સુચારૂ આયોજન થાય તે મુજબની કામગીરી નિભાવશો. :-

(૧) કાર્યક્રમનું આયોજન ગ્રામ્ય વિસ્તાર માટે તા.૧૧,૧૨,૧૩ જૂન-૨૦૧૫ અને શહેરી વિસ્તાર માટે ૧૮,૧૯,૨૦ જૂન-૨૦૧૫ નક્કી થયેલ છે.

(૨) આર.ટી.ઈ.રૂલ્સ-૨૦૦૯ અંતર્ગત તા.૧-૬-૧૪ના રોજ પાંચ વર્ષ પુરા થતા હોય તેવા બાળકોને ધો.૧માં પ્રવેશ આપવાનો રહેશે.

(૩) દરેક શાળામાં 'મનુષ્ય તુ બડા મહાન હે' ગૌરવગાનથી કાર્યક્રમની શરૂઆત કરાવવી તથા એક દેશભક્તિગીતનું ગાન કરાવવું.

(૪) 'મનુષ્ય ગૌરવ ગાન' અભિનય સાથે થાય જેમાં ગાયક ગ્રુપ અલગ અને અભિનય કરવાવાળું ગ્રુપ અલગ રાખવું. ( કોઈ પણ સંજોગોમાં સીડી પર ગીત વગાડવાનું નથી.)

(૫) યોગ નિદર્શન માટે અલાયદુ સ્ટેજ બનાવી માત્ર દસ-પંદર બાળકો દ્વારા યોગ કરાવવા. બધા જ વિદ્યાર્થીઓને સામેલ ન કરવા.

(૬) ઉલ્લાસમય વાતાવરણ તૈયાર કરી, શાળામાં નવીન પ્રવેશ મેળવતા બાળકોનું સ્વાગત કરવા નીચેના ક્રમ પ્રમાણે પ્રવેશ અપાવવો.

- સૌ પ્રથમ આંગણવાડીના બાળકોને પ્રવેશ અપાવવો.
- ત્યારબાદ ધો. ૧ માં પ્રવેશપાત્ર બાળકોને પ્રવેશ અપાવવો.
- જ્યાં માધ્યમિક શાળા હોય ત્યાં ધો. ૯ ના વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવવો.
- શાળા છોડી ગયેલા ૬-૧૪ વયજૂથનાં તમામ બાળકોનો પુનઃપ્રવેશ કરાવવો.
- ધો. ૬ ન હોય તેવી શાળાના ધો. ૫ ના બાળકોને નજીકની શાળામાં પ્રવેશ કરાવવો. ધો. ૬ ન ધરાવતી શાળાના ધો. ૭ ના બાળકોને નજીકની શાળામાં પ્રવેશ કરાવવો.

(૭) પ્રવેશોત્સવનું સ્થળ પ્રાથમિક શાળાના કેમ્પસમાં રાખવાનું છે જ્યાં આંગણવાડી અને માધ્યમિક શાળાનો પ્રવેશોત્સવ કરવાનો રહેશે.

(૮) ધો. ૮ પછી કેટલા વિદ્યાર્થીઓએ ધો. ૯ માં પ્રવેશ મેળવ્યો અને કેટલા વિદ્યાર્થીઓએ આઈ.ટી.આઈ. માં પ્રવેશ મેળવ્યો અથવા તો અભ્યાસ છોડી દીધો તે માહિતી મેળવવી.

(૯) સીઆરસી હેઠળ આવતી શાળાઓમાં જે બાળકોએ ધો. ૮ પાસ કરી ધો. ૯ માં પ્રવેશ મેળવેલ છે કે કેમ અથવા તો ડ્રોપ આઉટ થયેલ છે, તથા ધો. ૯ માં કઇ શાળામાં પ્રવેશ મેળવેલ છે તેની વિગતો તૈયાર કરવાની જવાબદારી જે તે સીઆરસીની રહેશે.

(૧૦) ગુણોત્સવ-૫ ના પરિણામ આધારિત જે - તે શાળા 'સી-ડી' ગ્રેડમાં આવેલ છે તેને 'એ' અને 'બી' ગ્રેડ સુધી પહોંચાડવાની જવાબદારી જે-તે મુખ્યશિક્ષક / શિક્ષકની નક્કી કરવામાં આવશે.

(૧૧) એક વિદ્યાર્થીની અને એક વિદ્યાર્થી દ્વારા કાર્યક્રમનું સંચાલન થાય તેવું આયોજન કરવું.

(૧૨) શાળામાં જે - તે દિવસે બાળકોને વિનામૂલ્યે પાઠયપુસ્તકો, વિદ્યાલક્ષ્મી બોન્ડ, શિષ્યવૃત્તિ, ગણવેશ, વિદ્યાદીપ વિમા યોજનાના ચેક વગેરેનું વિતરણ કરવું.

(૧૩) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના અંગે વાલીઓને માહિતગાર કરવા તથા પાત્રતા ધરાવતી કન્યાઓને કાર્યક્રમ વખતે બોન્ડ આપવા.

(૧૪) પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાલક્ષ્મી બોન્ડ ધરાવતી કન્યાઓને પાકતી મુદતના બોન્ડની રકમના ચેકનું વિતરણ કરવું, જે અંગે અલગથી પરિપત્ર કરેલ છે તેની તાકીદે માહિતી મોકલી આપવી.

(૧૫) યોગથી નિરોગી, સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો, પાણી બચાવો, વૃક્ષારોપણ, ઉર્જા બચાવો, જળ એજ જીવન વિષય પર બાળકોને વક્તવ્ય તા. ૮ થી ૧૦ જૂન દરમ્યાન તૈયાર કરાવવાની જવાબદારી શિક્ષકોની રહેશે. પ્રવેશોત્સવ વખતે વિદ્યાર્થીઓનું વક્તવ્ય રાખવું.

(૧૬) કાર્યક્રમમાં વધારેમાં વધારે લોકભાગીદારી ઉપલબ્ધ થાય તેવા પ્રયાસો કરવા.

(૧૭) બાળકોને સુખડી સાથે કેળા, ચીકુ, સફરજન, દ્રાક્ષ જેવા ફળો આપી શકાય તે અંગે પણ કાર્યવાહી કરવી.

(૧૮) પ્રવેશપાત્ર બાળકના મસ્તક ઉપર ટોપી, મુગટ કે પટ્ટી કશુંય પહેરાવવું નહીં.

(૧૯) ધો. ૩ થી ૮ માં પ્રથમ ત્રણ ક્રમાંકે ઉતીર્ણ થનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવું.

(૨૦) દાતાઓ, સહકારી સંસ્થા કે સ્વૈચ્છિક સંસ્થાઓનો સંપર્ક કરી દાન/ લોકફાળો મેળવવા પ્રયાસ કરવા તથા દાતાઓનું સન્માન કરવું.

(૨૧) કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના દિવસે કાર્યક્રમ પહેલાં શાળા વિસ્તારની આસપાસ રેલીનું આયોજન કરવું. જેમાં વાલીઓમાં શિક્ષણ અને કન્યા કેળવણી પ્રત્યે જાગૃતિને લગતા સૂત્રો, કાર્ડસ, બેનર્સ વગેરે સાથે લઈને જવું.

(૨૨) પદાધિકારી/અધિકારી કે પ્રવેશ પામતાં બાળકોનું ફૂલ, કંકું કે ગુલાબની પાંદડી, ચંદન તિલકથી સ્વાગત કરવું નહીં.

(૨૩) પ્રવેશ પામતા બાળકોના ડ્રેસ ઉપર તેમના નામનું બેઈઝ લગાવી શકાય તેમજ પ્રવેશ પામતા વિદ્યાર્થીઓને જે પાઠયપુસ્તક કે કીટ આપવામાં આવે તેના ઉપર પણ તેનું નામનું સ્ટીકર લગાવવાનું ફરજિયાત રહેશે તેમજ વિદ્યાલક્ષ્મી બોન્ડની કોપી જો મળવાપાત્ર હોય તો પણ સાથે રાખી તેને આપી શકાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. આ અંગેની જવાબદારી જે - તે શાળાના શિક્ષકને સોંપવી.

(૨૪) શાળામાં આવનાર પદાધિકારી / અધિકારી પ્રવેશોત્સવ બાદ બે નબળા વર્ગનાં વિસ્તારની મુલાકાત લેનાર છે, તો તે અંગે આયોજન કરવું.

(૨૫) દાતાઓ પાસેથી આંગણવાડીના બાળકો માટે કાર્યક્રમ અગાઉ રમકડાં મેળવવાં/ એકઠાં કરવાના રહેશે. આ રમકડાં આંગણવાડીના બાળકોને વિતરણ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી. આ માટે આંગણવાડીની બહેનોનો અગાઉથી સંપર્ક કરી હાજર રાખવા.

(૨૬) દાતાઓ પાસેથી શાળા લાયબ્રેરી માટે પુસ્તકો મેળવવા અને મહાનુભાવોના હસ્તે શાળાને અર્પણ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.

(૨૭) જે શાળા ૧૦૦ વર્ષ કરતાં જૂની છે તેવી શાળાઓમાં વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવું અને શાળા પ્રોફાઈલમાં તેનો ઉલ્લેખ કરવો.

(૨૮) શહીદોના નામાંકરણવાળી શાળામાં જે - તે શહીદવીરને શ્રધ્ધાંજલિ આપવી અને બાળકો દ્વારા વાર્તાલાપ ગોઠવવો.

(૨૯) શાળા પ્રોફાઈલનો નમૂનો આ પરિપત્ર સાથે મોકલવામાં આવેલ છે. તે નમૂના મુજબ જ પ્રોફાઈલ બનાવવાની રહેશે. પ્રોફાઈલની ૧૦ નકલ તૈયાર રાખવી. એક જ બિલ્ડીંગમાં એક કરતા વધુ માધ્યમ હોય તો માધ્યમવાર અલગ પ્રોફાઈલ બનાવવી.

(૩૦) મહેમાનોનું સ્વાગત ફ્રૂટ બાસ્કેટથી કરવાનું રહેશે. આ ફ્રૂટ બાસ્કેટ મહેમાનોના હસ્તે આંગણવાડીની બહેનોને સુપ્રત કરવાના રહેશે.

(૩૧) સર્વ શિક્ષા અભિયાન નિર્મિત શાળાના વર્ગખંડો, નવા બિલ્ડીંગો તેમજ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલ નવા બિલ્ડીંગોનું લોકાર્પણ કરવું તેમજ નવા બનનાર વર્ગખંડોનું ખાતમુર્હુત મહાનુભાવોના હસ્તે કરાવવું. આ અંગે આસિ.એ.ઓ. પાસેથી માહિતી મેળવી લેવી.

(૩૨) વૃક્ષારોપણમાં સરગવા કે ફળના છોડ રોપવા. અગાઉથી બગીચા ખાતામાંથી રોપા મેળવી લેવા.

(૩૩) તમામ શાળાઓમાં તા. ૧૦-૦૬-૨૦૧૫ સુધીમાં પાણીની ટાંકીઓની સફાઇ થનાર છે તો તમામ મુખ્યશિક્ષકશ્રીઓએ પોતાની હાજરીમાં ટાંકીની સફાઇ કરાવી સફાઇ બરાબર થઇ છે તે જોયા બાદ પ્રમાણપત્ર આપવું.(ટાંકી સફાઇ કરનાર એજન્સીનું નામ : પી.દાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, શ્રી પરેશભાઈ શાહ, મોબાઈલ નં. ૯૩૨૮૭૮૪૬૯૭)

(૩૪) પ્રવેશોત્સવ દરમ્યાન સમગ શાળા અને તેની આસપાસના વિસ્તારની સફાઈ થાય તેવું આયોજન કરવું. સફાઈ માટે નજીકનાં મસ્ટર સ્ટેશનનો સંપર્ક કરવો અને લેખિતમાં જાણ પણ કરવી.

(૩૫) તા. ૦૮-૦૬-૧૫, તા. ૦૯-૦૬-૧૫ દરમ્યાન શાળાની સંપૂર્ણ સફાઇ થઇ જાય તેવું આયોજન કરવું.

(૩૬) પ્રવેશોત્સવના દિવસે પણ શાળા તેમજ શાળાની આસપાસના વિસ્તારની સફાઇ થઇ જાય તેવું આયોજન કરવું.

(૩૭) દરેક શાળાએ પ્રવેશોત્સવ કાર્યક્રમનું આગલા દિવસે રીહર્સલ કરવું.

(૩૮) શાળા દ્વારા સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, કાઉન્સીલરશ્રીઓ, મ્યુનિ. સ્કુલ બોર્ડ સભ્યશ્રીઓને આમંત્રિત કરવા.

(૩૯) દરેક શાળાએ ' સ્કૂલ રીપોર્ટ કાર્ડ ' પ્રોફાઈલ સાથે રાખવો.

(૪૦) ધો.૧માં નવા પ્રવેશ પામેલ બાળકોના ગણવેશ માટે રૂા.૩૦૦/- એસ.એમ.સી.ના ખાતામાં જમા કરાવવામાં આવશે. ધો.૧નાં બાળકોના ગણવેશનો નમુનો જે-તે ઝોનમાંથી જોઈ વાલી દ્વારા તે પ્રકારનો ગણવેશ ખરીદાય તે ખાસ જોવું.

(૪૧) ફેઝ-૬માં આવરી લેવાયેલ સ્કૂલ બોર્ડની ૨૦ શાળાઓમાં ધો.૧,૨ના પ્રજ્ઞા વર્ગોની જાહેરાત કરવી.

(૪૨) કાર્યક્રમ પૂર્ણ થયા બાદ દિન-૩માં કાર્યક્રમના પાંચ ફોટોગ્રાફ સાથેનો અહેવાલ સુપરવાઈઝરશ્રીને પહોંચાડવો.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

(૪૩) કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત સરકારશ્રી તરફથી રૂા.૫૦૦/- અને સ્કૂલ બોર્ડ દ્વારા રૂા.૧૦૦૦/- ફાળવવામાં આવનાર છે, જેના હિસાબો સુપરવાઈઝરશ્રી પાસે ચેક કરાવવાના રહેશે. એક જ બિઇડીંગમાં બેસતી તમામ શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓએ સાથે મળીને ખર્ચનું આયોજન કરવું.

(૪૪) કાર્યક્રમ દરમ્યાન નામાંકન થયેલ બાળકોની માહિતી, મળેલ લોકસહયોગની માહિતી નિયત નમૂનામાં સી.આર.સી. કો.ઓર્ડી.ને ત્વરિત પૂરી પાડવાની રહેશે.

(૪૫) તમારી શાળામાં આવનાર તમામ મહેમાનશ્રીઓની નેમ પ્લેટ તૈયાર કરી પ્રોટોકોલ મુજબ સ્ટેજ પર ગોઠવવી.

(૪૬) તમારી શાળામાં જે-જે મહાનુભાવોને આમંત્રણ આપવાના થાય તેમાં શાળાના નામની સાથે શાળાનું આખું સરનામું તેમજ મુખ્ય શિક્ષકશ્રીએ પોતાનો મોબાઈલ નંબર દર્શાવવો.

(૪૭) પ્રવેશોત્સવ દરમ્યાન આવેલ મહાનુભાવો તમારી શાળાનાં બે-ત્રણ સ્લમ પોકેટ એરિયાની મુલાકાત લેનાર છે.

(૪૮) એસ.એસ.એ. અંતર્ગત જે શાળાઓમાં પરિવહન સુવિધા ચાલુ કરવાની થતી હોય તેવી શાળાઓએ મહાનુભાવોના હસ્તે લાભાર્થી બાળકોનું વાહનો સાથે આગમન/ પ્રસ્થાન કરાવવું.

ઉપરોકત માર્ગદર્શક સૂચનો મુજબ તમામ શાળાઓમાં પરિણામલક્ષી કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશ મહોત્સવનું આયોજન કરી પ્રવેશપાત્ર બાળકોને શાળામાં લાવી અને તેનું સ્થાયીકરણ કરી ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ પ્રાપ્ત કરે તેવું આયોજન આપની કક્ષાએથી કરવાનું રહેશે.

પ્રવેશોત્સવની ઉજવણી થયા બાદ પ્રવેશોત્સવ અહેવાલ તથા આ સાથે સામેલ પત્રક-૧, પત્રક-૨, પત્રક-૩, પત્રક-૪, પત્રક-૫, તથા ફોર્મેટ-૩ મુજબની માહિતી તા.૧૮-૬-૧૫, તા.૧૯-૬-૧૫ તા.૨૦-૬-૧૫ની માહિતી સી.આર.સી.કો.ઓ.ને ૧-૦૦ કલાક સુધીમાં મોકલવી તેમજ તા.૩૦-૬-૧૫, તા.૧૫-૭-૧૫ તા.૩૧-૭-૧૫, તા.૧૬-૮-૧૫,તા.૩૧-૮-૧૫ની માહિતી ૨-૦૦ કલાક સુધીમાં જે તે દિવસે ઝોન ઓફિસમાં મોકલવી, આ ઉપરાંત શાળા શરૂ થતાં પ્રથમ દિવસથી દરરોજ ૨-૦૦ કલાક સુધીમાં ધો.૧ તથા ધો.૮ના નવીન પ્રવેશની સંખ્યા એસ.એમ.એસ. દ્વારા સુપરવાઈઝરશ્રીને મોકલવાની રહેશે.

તા.૮-૦૬-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પત્રક-૧

| ક્રમ | શાળાનું નામ | પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા (સર્વે આધારિત) | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એસ.સી. | | | એસ.ટી. | | | બક્ષીપંચ | | | અન્ય | | | કુલ | | | તે પૈકી અપંગ | | |
| | | કુ | ક. | કુલ | કુ | ક. | કુલ | કુ | ક. | કુલ | કુ | ક. | કુલ | કુ | ક. | કુલ | કુ | ક. | કુલ |
| | | | | | | | | | | | | | | | | | | | |

પત્રક-૨

| ક્રમ | શાળાનું નામ | ખરેખર પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એસ.સી. | | | એસ.ટી. | | | બક્ષીપંચ | | | અન્ય | | | કુલ | | | તે પૈકી અપંગ | | |
| | | કુ | ક. | કુલ | કુ | ક. | કુલ | કુ | ક. | કુલ | કુ | ક. | કુલ | કુ | ક. | કુલ | કુ | ક. | કુલ |
| | | | | | | | | | | | | | | | | | | | |

પત્રક - ૩

પુનઃ પ્રવેશની માહિતી (શાળાવાર માહિતી આપવી)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થી કયા ધોરણમાંથી ઉઠી ગયેલ હતો. | વિદ્યાર્થી કયા વર્ષમાં ઉઠી ગયેલ હતો. | પુનઃ પ્રવેશ કયા ધોરણમાં આપેલ છે. | પુનઃ પ્રવેશ આપ્યા તારીખ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

પત્રક-૪

| ક્રમ | શાળાનું નામ | વસ્તુ સ્વરૂપે (અંદાજિત રકમ રૂા.) | બોન્ડ સ્વરૂપે (રકમ રૂા.) | રોકડ રકમ રૂા. | કુલ રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

પત્રક-૫

પૂર્વ પ્રાથમિક વર્ગની માહિતી

| પૂર્વ પ્રાથમિક વર્ગમાં દાખલ થયેલ વિદ્યાર્થી સંખ્યા | | |
|---|---|---|
| કુમાર | કન્યા | કુલ |

➢ કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશ મહોત્સવ -૨૦૧૫ દરમિયાન કાર્યક્રમનું સ્વરૂપઃ-

| ક્રમ | વિગત | મિનિટ |
|---|---|---|
| ૧ | મનુષ્ય ગૌરવ ગાન (સંગીત વૃંદ અને અભિનય સાથે ગાન) | ૦૫ મિનિટ |
| ૨ | રાષ્ટ્રભક્તિ ગીતનું ગાન | ૦૪ મિનિટ |
| ૩ | યોગ નિદર્શન (૧૦ થી ૧૫ બાળકો દ્વારા અલગ સ્ટેજ પર પ્રદર્શન ) | ૦૪ મિનિટ |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

| ક્રમ | વિગત | મિનિટ |
|---|---|---|
| ૪ | આંગણવાડીના બાળકોને રમકડાં અને સુખડીનું વિતરણ, બાલભોગ | ૦૪ મિનિટ |
| ૫ | ધો.૧માં પ્રવેશ પામેલા બાળકોને કીટ વિતરણ | ૦૪ મિનિટ |
| ૬ | ધો. ૫ પાસ બાળકોને ધો.૬માં અને ધો.૮ પાસ બાળકોને ધો.૯માં પ્રવેશની કામગીરી | ૦૩ મિનિટ |
| ૭ | વિદ્યાલક્ષ્મીબોન્ડ, શિષ્યવૃત્તિ, વિદ્યાદીપ યોજનાના ચેક, પાઠ્યપુસ્તકો તેમજ ધો.૯નાં જનરલ કેટેગરી ધરાવતી કન્યાઓને સાયકલ વિતરણ | ૦૪ મિનિટ |
| ૮ | દાનમાં મળેલ પુસ્તકોને મહાનુભાવોના હસ્તે શાળા લાયબ્રેરી ખાતે અર્પણ, | ૦૨ મિનિટ |
| ૯ | ધો.૩ થી ૮મા પ્રથમ ત્રણ ક્રમે પાસ થનાર દીકરા-દીકરીનું પુસ્તક દ્વારા સન્માન તથા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર બાળકનું સન્માન | ૦૫ મિનિટ |
| ૧૦ | શાળામાં ભણી ગયેલ વયોવૃદ્ધ વ્યક્તિઓનું સન્માન તથા શાળામાં ભણેલા અને પોતાના કાર્યક્ષેત્રમાં ખાસ યોગદાન આપેલ હોય તેવી વ્યક્તિઓનું સન્માન | ૦૨ મિનિટ |
| ૧૧ | અમૃત વચન (પાણી બચાવો, જળ એ જ જીવન, પર્યાવરણ, બેટી બચાવો, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન) વિષય પર ૩-૪ વિદ્યાર્થીઓનું વકતવ્ય | ૧૦ મિનિટ |
| ૧૨ | મુખ્ય મહેમાનશ્રીનું પ્રવચન | ૦૮ મિનિટ |
| ૧૩ | આભાર વિધિ | ૦૨ મિનિટ |
| ૧૪ | વૃક્ષારોપણ કાર્યક્રમ (સરગવા/ ફળના છોડ) | ૦૩ મિનિટ |
| | | ૬૦ મિનિટ |

નોંધ :૧) તા.૧૦-૬-૧૫ના રોજ ટાગોર હૉલ ખાતે માન.મેયરશ્રીના અધ્યક્ષસ્થાને કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૫ અંતર્ગત સવારે ૮-૩૦ કલાકે મીટીંગ રાખેલ છે જેમાં તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ હાજર રહેવાનું છે તે ઉપરાંત ધો.૧ ધરાવતી વાળી શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ પોતાની સાથે એક શિક્ષકશ્રીને પણ સાથે લાવવાના રહેશે. આ મીટીંગમાં દરેક શાળાએ એસ.એમ.સી.ના માન.અધ્યક્ષશ્રીને હાજર રહેવા માટે મુખ્ય શિક્ષકશ્રીએ નિમંત્રણ પાઠવવાનું રહેશે અને તેમની સાથે આ મીટીંગમાં હાજર રહેવાનું રહેશે. જો એસ.એમ.સી.ના અધ્યક્ષ હાજર રહી શકે તેમ ન હોય તો એસ.એમ.સી.ના સભ્યશ્રીને લાવવાના રહેશે. તદ્ ઉપરાંત તમામ અધિકારીશ્રીઓ, યુ.આર.સી.કો.ઓ. તથા સી.આર.સી. કો. ઓ.શ્રીઓએ આ મીટીંગમાં ઉપસ્થિત રહી તમામ જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.

૨) ટાગોર હૉલમાં શિક્ષકો માટે પ્રવેશનો સમય સવારે ૮-૩૦ થી ૮-૪૫ સુધીનો રહેશે ત્યારબાદ પ્રવેશ આપવામાં આવશે નહીં. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ જે-તે બીટ સુપરવાઈઝરશ્રી પાસે પોતાની હાજરી પુરાવવાની રહેશે.